# ઘરે શીખીએ

## ધોરણ ૪

**જુલાઈ, ૨૦૨૦**




વિદ્યાર્થીનું નામઃ ____________________

વાલીનું નામઃ ____________________ મોબાઈલ નંબરઃ ____________________

શાળાઃ ____________________

ગામ/શહેરઃ ____________________


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
Gandhinagar

## નિર્માણ પ્રક્રિયાના સહયોગી


**સંકલ્પના અને માર્ગદર્શન :** શ્રી પી. ભારતી, IAS
નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
ડૉ. ટી. એસ. જોષી
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**સંયોજન** : શ્રી પાર્થેશ પંડ્યા, આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

લેખન : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર
ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થ તેરૈયા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન
આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**પરામર્શન** : શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર
શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી
નીતિનભાઈ દલવાડી, જી.સી.ઈ.આર.ટી.

**ડીઝાઈન** : ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ

---

**સહયોગ** : જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન; યુનિસેફ, ગાંધીનગર



© ૨૦૨૦ જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ;
આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર



આવૃત્તિ- જુલાઈ ૨૦૨૦, ગુજરાત


## દોસ્ત સાથે વાત

કેમ છે દોસ્ત? ઘરે રહીને ભણવાનું કેવું લાગે છે? જૂન માહિનાનું 'ઘરે શીખીએ' પૂરું થઇ ગયું?

તમને થશે કે કેટલા બધા પ્રશ્ન પૂછી નાખ્યા! તેનું કારણ એ છે કે જુલાઇ માહિનાનું 'ઘરે શીખીએ' લઈને અમે ફરીથી તમારી પાસે આવી ગયા છીએ.

આ વખતે આપણે આકારોના નામ અને રંગોના નામનું અંગ્રેજી શીખીશું. નાવડી ચાલી વાળા આપણાં પાંચ મિત્રો દેડકો, પીલું, ઉંદર, કીડી અને ભમરો આ વખતે આપણને લંબાઈ શીખવશે, કિલોમીટર અને મીટરની પણ પ્રવૃત્તિ કરાવશે. આપણે ઝાડ સાથે વાતો પણ કરીશું. આ મહિને થોડું હિન્દી અને થોડું અંગ્રેજી પણ શિખીશું, આ વખતે પાંચ વિડીયો છે, જે તમે QR કોડ સ્કેન કરી જોઈ શકશો. તો લાગી પડો પ્રવૃત્તિ કરવા! અરે! એક વાત તો કહેવાની રહી ગઈ. તમને કોઈ પ્રવૃત્તિ ન ફાવે, કોઈ પ્રવૃત્તિ કરવાની બહુ મજા આવી જાય તો તમે તમારા શિક્ષકને કહેજો હોં!

**વાલીમિત્રો,**

નમસ્કાર, આપનું બાળક હાલ ઘરે રહી ભણી રહ્યું છે. તેનું શિક્ષણ ન બગડે તે માટે આપણે સૌ મથી રહ્યાં છીએ. જો આપના બાળકને સરખું વાંચતાં કે વાંચેલું સમજતાં ન ફાવે તો તેને મદદ કરજો. હાલ તમારે બાળકના વાલી ઉપરાંત માર્ગદર્શક પણ બનવાનું છે. વાલી મિત્રો આ સાથે આપણે બીજું એ પણ ધ્યાન રાખવાનું છે કે બાળકને સમયસર પોષણયુક્ત આહાર મળતો રહે. ભણવાની સાથે સાથે તેનો શારિરીક વિકાસ પણ અટકે નહીં તે માટે યોગ, કસરત અને રમત-ગમત જેવી પ્રવૃત્તિઓ પણ કરે તેનું ધ્યાન રાખવું. બાળક સાથે તેના શીખવાના અનુભવોની વાતચીત કરવી.

આ સંપુટનાં છેલ્લા પાને બાળકની પ્રવૃત્તિઓની નોંધ કરવા માટેનું એક પત્રક આપેલ છે. જે તમારે ભરવાનું છે.

| પ્રવૃત્તિ ક્રમ | પ્રવૃત્તિનું નામ | સામગ્રી | કેટલા દિવસ કરશે? | વિષય | બાળક આ પ્રવૃત્તિથી શું શીખશે? |
|---|---|---|---|---|---|
| ૧. | કલર કલર રમીએ | મીણિયા કલર | ૨ | અંગ્રેજી | રંગના નામને અંગ્રેજીમાં શીખે. |
| ૨. | આકારોનું ઇંગ્લિશ વીંગ્લિશ | પેન્સિલ | ૧ | અંગ્રેજી | આકારોનું અંગ્રેજી શીખે. |
| ૩. | લાંબુ - ટૂંકું | માપપટ્ટી, પેન્સિલ, મીણિયા કલર | ૧ | ગણિત | ઊંચાઈને સેન્ટિમીટરમાં સમજે અને સરખામણી કરે. |
| ૪. | મામાનાં ઘરે જઈએ | પેન્સિલ | ૨ | ગણિત | અંતરના નાના મોટા એકમ જાણે અને રૂપાંતર કરે. |
| ૫. | શબ્દ શોધો | પેન્સિલ | ૧ | ગુજરાતી | વિરુદ્ધાર્થી શબ્દો શીખે. |
| ૬. | ગીત - ઠંડી | સ્માર્ટ ફોન અથવા ગુજરાતીનું પાઠ્યપુસ્તક | ૩ | ગુજરાતી | નવું કાવ્ય શીખે. |
| ૭. | કાન કે મીંડા? | પેન્સિલ | ૨ | પર્યાવરણ | કેવા પ્રકારના પ્રાણીઓ ઈંડા મૂકે અને કેવા પ્રકારના પ્રાણીઓ બચ્ચાને જન્મ આપે તે શીખે. |
| ૮. | આલ્ફાબેટ લખીએ | પેન્સિલ | ૫ | અંગ્રેજી | બીજી આલ્ફાબેટને લખવાની પદ્ધતિ શીખે. |
| ૯. | સજીવનો પરિચય આપીએ. | પેન્સિલ | ૧ | પર્યાવરણ અને ભાષા | કરેલ નિરીક્ષણના આધારે માહિતી લખતા શીખશે. |
| ૧૦. | ચાલો પ્રવાસે | પેન્સિલ | ૨ | ગણિત | અંતરના નાના મોટા એકમ જાણે અને રૂપાંતર કરે અને તેના વ્યવહારુ કોયડા ઉકેલે. |
| ૧૧. | ઝાડ સાથે વાત કરીએ | નોટબૂક, પેન્સિલ | ૪ | પર્યાવરણ અને ભાષા | ઝાડના ઉપયોગો જાણે અને રજૂ કરતાં શિખે. |
| ૧૨. | વર્ણમાળા | મીણિયા રંગ | ૨ | હિન્દી | હિન્દી કક્કાના અક્ષરોના પરિચયની શરૂઆત થશે. |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | કલર કલર રમીએ | ૦૫ |
| ૨ | આકારોનું ઇંગ્લિશ  વીંગ્લિશ | ૦૬ |
| ૩ | લાંબું ટૂંકું | ૦૭ |
| ૪ | મામાના ઘરે જઈએ | ૦૮ |
| ૫ | શબ્દશોધ | ૦૯ |
| ૬ | ગીત – ઠંડી | ૦૯ |
| ૭ | કાન કે મીંડાં? | ૧૦ |
| ૮ | આલ્ફાબેટ લખીએ | ૧૧ |
| ૯ | સજીવનો પરિચય આપીએ | ૧૪ |
| ૧૦ | ચાલો પ્રવાસે | ૧૫ |
| ૧૧ | ઝાડ સાથે વાતો કરીએ | ૧૭ |
| ૧૨ | વર્ણમાળા | ૧૮ |




# પ્રવૃત્તિ ૧ કલર કલર રમીએ

**સામગ્રીઃ મીણિયા કલર**

કેમ છો દોસ્ત?

મજામાં?

આજે આપણે નવી પોથીમાં નવી પ્રવૃત્તિ કરીશું.

આજે રંગોનાં નામને અંગ્રેજીમાં બોલતાં શીખીશું.

સૌથી પહેલાં આપણે રંગોનાં નામ જાણવાં પડશે.

નીચે રંગોનાં નામ અને તેની સામે અંગ્રેજી નામ લખ્યાં છે.

તે વાંચી બરાબર યાદ રાખી લો.

- લાલ - રેડ
- લીલો - ગ્રીન
- પીળો - યલ્લો
- કાળો - બ્લેક
- સફેદ - વ્હાઇટ
- ભૂરો - બ્લ્યૂ
- કથ્થાઇ - બ્રાઉન
- કેસરી - ઓરેન્જ
- આસમાની - સ્કાય બ્લ્યૂ
- ગુલાબી - પીંક
- જાંબલી - વાયોલેટ
- સોનેરી - ગોલ્ડન
- રૂપેરી - સિલ્વર

આપણે અહીં આપેલ ચિત્રમાં રંગ પૂરવાના છે. શરત એટલી કે સૂચના પ્રમાણે રંગ પૂરવાના છે.

અહીં રંગનાં નામ અંગ્રેજીમાં લખેલાં છે. દરેક રંગને નંબર આપેલ છે. આપેલા ચિત્રમાં પણ નંબર લખેલા છે. ચિત્રમાં આપેલ નંબર માટે ક્યો રંગ પૂરાવો તે જુઓ અને રંગ પૂરો. ઉદાહરણ તરીકે ઝાડનાં થડમાં ૨ નંબર લખેલ છે. ૨ નંબર પર બ્રાઉન કલર છે માટે આપણે થડને બ્રાઉન કલર કરીશું.

૧. બ્લેક, ૨. બ્રાઉન, ૩. યલ્લો, ૪. રેડ, ૫. બ્લ્યૂ, ૬. ગ્રીન, ૭. પિન્ક, ૮. સ્કાય બ્લ્યૂ, ૯. ઓરેંજ ૧૦. વાયોલેટ



## પ્રવૃત્તિ ૨ આકારોનું ઇંગ્લિશ વીંગ્લિશ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

તમે પ્રવૃત્તિ ૧- માં રંગોનાં અંગ્રેજી નામ શીખ્યાં. સાથે તમે ચિત્રમાં રંગ પણ પૂર્યા.

તમે જોયું હશે કે તેમાં ત્રિકોણ, ચોરસ, વર્તુળ, લંબચોરસ આકારોનો ઉપયોગ થયો હતો.

આજે આપણે આકારોનાં અંગ્રેજી નામ શીખીશું.

**નીચે આકારો ઊભા છે. તેમનો ગમતો કલર પણ તે બોલે છે. તમે એ કલર તે આકારમાં પૂરો.**













**પ્રવૃત્તિ ૧ના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. ચિત્રમાં _____ ટ્રાયએંગલ છે

૨. ચિત્રમાં _____ સ્ક્વેર છે.

૩. ચિત્રમાં _____ રેક્ટેંગલ છે.

૪. ચિત્રમાં _____ સર્કલ છે.

https://www.youtube.com/watch?v=6NF2s6LVbGQ

## પ્રવૃત્તિ ૩ લાંબું ટૂંકું

**સામગ્રીઃ માપપટ્ટી, પેન્સિલ, મીણિયા કલર**

દોસ્ત,

તમને લાંબા અને ટૂંકામાં ખબર પડે જ છે. આજે આપણે માપીને લાંબું ટૂંકું શોધીશું, સરખામણી પણ કરીશું.

અહીં દેડકો, પીલું, ઉંદર, કીડી અને ભમરો પોત-પોતાની લાકડી લઈને ફરવા નીકળ્યાં છે.

તમારે તે દરેકની લાકડી માપવાની છે.



**દરેકની લાકડી માપો અને અહીં આપેલ ખાલી જગ્યામાં લખો.**

(૧) દેડકાની લાકડીની લંબાઈ _______ સેમી છે.
(૨) પીલુંની લાકડીની લંબાઈ _______ સેમી છે.
(૩) ઉંદરની લાકડીની લંબાઈ _______ સેમી છે.
(૪) કીડીની લાકડીની લંબાઈ _______ સેમી છે.
(૫) ભમરાની લાકડીની લંબાઈ _______ સેમી છે.



https://www.youtube.com/watch?v=9PMc8lhZpQA

**હવે આ માહિતીના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) સૌથી લાંબી લાકડી ______ ની છે.
(૨) સૌથી ટૂંકી લાકડી ____________ ની છે.
(૩) ________ અને ________ ની લાકડીની લંબાઈ સરખી છે.
(૪) પીલું કરતાં કીડીની લાકડી ______ સેમી લાંબી છે.
(૫) કીડીને તેની લાકડી ઉંદરની લાકડી જેવડી કરવી હોય તો ______ સેમી કાપવી પડે.
(૬) પીલુંની લાકડી સાથે ભમરાની લાકડી જોડી દઈએ તો લંબાઈ ______ સેમી થઈ જાય છે.
(૭) ________ અને ________ ની લાકડી ભેગી કરે તો લંબાઈ ૧૪ સેમી થાય.
(૮) પાંચેય લાકડી ભેગી કરીએ તો ______ સેમી લંબાઈ થાય.

# પ્રવૃત્તિ ૪ મામાના ઘરે જઈએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

દેડકો, પીલું, ઉંદર, કીડી અને ભમરો આ પાંચેય દોસ્તો પોતપોતાના મામાના ઘરે જઈ રહ્યા છે. કોના મામા ક્યાં રહે છે અને તે કેટલું દૂર છે તે ચિત્રમાં જોઈ લો. ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ આપો.




**સમજો અને લખો**

૧૦૦ સેન્ટીમીટર=૧ મીટર
૧૦૦૦ મીટર = ૧ કિલોમીટર
૨૦૦૦ મીટર = ૨ કિલોમીટર
૩૦૦૦ મીટર = _____ કિલોમીટર
૪૦૦૦ મીટર = _____ કિલોમીટર

૧ કિલોમીટર = ૧૦૦૦ મીટર
૨ કિલોમીટર = ૨૦૦૦ મીટર
૩ કિલોમીટર = _______ મીટર
૪કિલોમીટર = _______ મીટર
૫ કિલોમીટર = _______ મીટર

**૧ કિલો એટલે ૧ હજાર**

(૧) પીલુંના મામાનું ગામ _______ કિમી દૂર છે.
(૨) દેડકાના મામાનું ગામ _______ મીટર દૂર છે.
(૩) ઉંદરના મામાનું ગામ _______ કિમી દૂર છે,
(૪) કીડીના મામાનું ગામ _______ મીટર દૂર છે.
(૫) ભમરાના મામાનું ગામ _______ મીટર દૂર છે.
(૬) _______ ના મામાનું ગામ સૌથી દૂર છે.
(૭) _______ ના મામાનું ગામ સૌથી નજીક છે.
(૮) મરઘાપુરથી સાકરપુર _______ મીટર દૂર છે.
(૯) સરિતાનગરથી વસ્ત્રાપુર _______ મીટર દૂર છે.
(૧૦) ૧૨૦૦ મીટર એટલે _______ કિલોમીટર અને _______ મીટર.

https://www.youtube.com/watch?v=-JJimIVCmfk

## પ્રવૃત્તિ ૫ શબ્દશોધ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત, આજે આપણે શબ્દો સાથે કામ કરવું છે. અહીં કેટલાક શબ્દો કૌંસમાં આપેલા છે.

નીચે તેટલા જ શબ્દો હરોળમાં આપ્યા છે. નીચે હરોળમાં આપેલા શબ્દો માટે બિલકુલ ઊલટો અર્થ થતો હોય તેવા શબ્દો કૌંસમાંથી શોધીને લખો. દાખલા તરીકે 'ઉપર' નો વિરોધી શબ્દ છે 'નીચે'

(કાળું, નાનું, તાજું, નવું, ભીનું, સહેલું, પાતળું, હલકું. સુખી, સૂવું, આપવું, ઝડપી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | જાગવું - | ______ | (૨) | જૂનું - | ______ |
| (૩) | ભારે - | ______ | (૪) | ધોળું - | ______ |
| (૫) | લેવું - | ______ | (૬) | મોટું - | ______ |
| (૭) | સૂકું - | ______ | (૮) | અઘરું - | ______ |
| (૯) | ધીમું - | ______ | (૧૦) | જાડું - | ______ |
| (૧૧) | દુઃખી - | ______ | (૧૨) | વાસી - | ______ |

## પ્રવૃત્તિ ૬ ગીત – ઠંડી

**સામગ્રીઃ સ્માર્ટફોન અથવા ધોરણ ૪ ની ગુજરાતીનું પાઠ્યપુસ્તક**

દોસ્ત, આજે એક મસ્ત કવિતા જોવાનાં છીએ. આ કવિતા કૃષ્ણભાઈ દવે નામના એક કવિએ લખી છે. અહીં આપેલ QR કોડ સ્કેન કરી કવિતા જુઓ. જો સ્માર્ટ ફોન ન હોય તો બિલકુલ ચિંતા ન કરતાં. તમારી ગુજરાતીના પાઠ્યપુસ્તકના પાનાં નંબર ૫ પર આ કવિતા આપેલ છે. તે વાંચી જાઓ. શક્ય હોય તો પાંચમાં ધોરણનાં કોઈ દોસ્ત પાસેથી આ કવિતા ગાતાં શીખી લો.

કવિતા સાંભળ્યા પછી અહીં આપેલ જગ્યામાં ટમેટાં વિષે લખો. ટમેટાંનો રંગ, આકાર, સ્વાદ, ઉપયોગ, ક્યાં થાય વગેરે વિષે લખજો હોં!

ટમેટું

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

https://www.youtube.com/watch?v=A13JwB8RW54

## પ્રવૃત્તિ ૭ કાન કે મીંડાં?

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આપણી આસપાસ ઘણાં પ્રાણીઓ તથા જીવજંતુઓ જોવા મળે છે.

તેમાંથી કેટલાંકના નામ અહીં કોઠામાં આપ્યાં છે.

તેની સામે વિગત માગી છે.

તમે તે વિગત 'હા' અથવા 'ના' લખી પૂરી કરો.

| ક્રમ | સજીવનું નામ | કાન છે? | શરીર પર રૂંવાટી છે? | બચ્ચાંને જન્મ આપે? |
|---|---|---|---|---|
| ૧ | કીડી | ના | ના | ના |
| ૨ | મધમાખી | | | |
| ૩ | ગાય | | | |
| ૪ | ગરોળી | | | |
| ૫ | ઉંદર | | | |
| ૬ | કાચિંડો | | | |
| ૭ | વાંદરો | | | |
| ૮ | કૂતરું | | | |
| ૯ | સાપ | | | |
| ૧૦ | કાચબો | | | |
| ૧૧ | અળસિયું | | | |
| ૧૨ | સસલું | | | |

જેને કાન નથી હોતા તેને કાનની જગ્યાએ શું હોય છે? ____________ (તમને ખ્યાલ ન હોય તો ઘરમાં કોઈ વડીલને પૂછીને લખો.)

**આ કોઠાના આધારે આટલું નક્કી થાય કે**

૧. જેને કાન હોય તે બચ્ચા/ ઈંડાંને જન્મ આપે.

૨. જેના શરીરે રુવાંટી ન હોય તે બચ્ચા/ ઈંડાને જન્મ આપે.

૩. જેને કાનના બદલે મીંડાં હોય તે બચ્ચા/ ઈંડાને જન્મ આપે.

૪. જેના શરીરે રુવાંટી છે તે બચ્ચા/ ઈંડાને જન્મ આપે.

**એક સવાલ**

એક સજીવ છે. તેને લાંબા કાન છે. તેની રુંવાટી ખૂબ સુંદર છે.

કહો જોઈએ તે ઈંડા મૂકશે કે બચ્ચાંને જન્મ આપશે?

**પ્રવૃત્તિ ૮**

# આલ્ફાબેટ લખીએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

તમે ત્રીજા ધોરણમાં પહેલી આલ્ફાબેટ શીખી ગયા. આજે આપણે બીજી આલ્ફાબેટ લખીશું.

નીચે આપેલ અક્ષરને જોઈ તેને તે જ રીતે લખો.

a

b

c

d

e

f

g

h

i

j

k

l

m

n

o

p

q

r

s

t

u

v

w

x

y

z

# પ્રવૃત્તિ ૯ સજીવનો પરિચય આપીએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આપણે આજે કોઈ એક સજીવનો પરિચય આપીશું.

તમે પાળેલ હોય અથવા તમે જોયેલ હોય તેવા એક સજીવનો પરિચય લખીએ.

સજીવનું નામ :- ________________

પક્ષી/ પ્રાણી/ જીવ-જંતુ છે :- ________________

તે ક્યાં રહે છે? ________________

તે શું શું ખાય છે? ________________

તમે તેનું કોઈ નામ પાડયું હોય તો લખો :- ________________

તેને શીંગડા છે? ________________

પૂંછડી છે ? ________________

શરીર પર રુંવાટી છે? ________________

કદ કેવડું છે :- ________________

પાણી જીભથી પીવે છે કે હોઠથી :- ________________

તેના પગમાં નખ છે કે ખરી? ________________

કાન છે ? ________________

તેને ઈંડાં હોય કે બચ્ચાં હોય? ________________

# પ્રવૃત્તિ ૧૦ ચાલો પ્રવાસે

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આપણે પ્રવાસે જવાના છીએ.

ખરેખર તો નહીં જવાય માટે કલ્પના કરવાના છીએ.

તમારા ઘરમાંથી કોણ કોણ આવશે તે લખો.

૧. __________ ૨. __________ ૩. __________

૪. __________ ૫. __________

આપણે બે દિવસ માટે પ્રવાસે જવું છે.

તેથી કેટલાક સામાનની જરૂર પડશે. તો સાથે શું શું લઈ જશું? અહીં લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

આવતીકાલે સવારના ૯ વાગ્યે ઊપડવું છે.
અને કાલે સાંજે છ વાગે પાછા આવી જશું.
આપણું વાહન એક કલાકમાં ૫૦ કિલોમીટરનું અંતર કાપે છે.
આપણે જ્યાં જ્યાં જવાના છીએ તેની વિગત નીચે નકશામાં આપી છે.
તેના આધારે આયોજન ગોઠવો.



(૧) નીલ સરોવર ________ વાગે પહોચીશું.

(૨) આપણાં ઘરેથી બાલવાટિકા ________ કિમી દૂર છે,

(૩) બાલવાટિકામાં ________ કલાક રોકાઈશુ.

(૪) બાલવાટિકામાં નૌકાવિહાર કર્યા પછી આપણે ________ જોવા જઈશું. ત્યાર પછી આપણે જમીશું.

(૫) ત્યાંથી નીકળી આપણે ________ વાગે બાલવાટિકા પહોચીશું.

(૬) ચકડોળમાં બેસવાની ટિકિટનો દર ૨૦ રૂપિયા છે. ઘરના કુલ સભ્યો ________ છે. એટલે કુલ ખર્ચ ઘરના સભ્યો ________ X ________ ટીકીટનો દર = ________ રૂપિયા ખર્ચ થશે.

(૭) બાલફિલ્મની ટિકિટનો દર ૫૦ રૂપિયા છે. માટે ________ રૂપિયા ખર્ચ થશે.

(૮) સફારીપાર્કમાં ________ કલાક રોકાશું. જ્યાંથી ________ વાગે બાળમેળા માટે ઊપડીશું.

(૯) રસ્તામાં આવતા કેરીનાં ફાર્મમાંથી ૨ પેટી કેરી ખરીદી. જેના ________ રૂપિયા થશે.

(૧૦) સફારીપાર્કથી બાળમેળાનું સ્થળ ________ કિમી દૂર છે. માટે ૩ થી ૪ વચ્ચે પહોચીશું.

(૧૧) બે દિવસમાં ________ કિમી અંતર કાપીશું.

(૧૨) વાહનભાડું ૧ કિલોમીટરના ૧૦ રૂપિયા છે માટે, ________ રૂપિયા ખર્ચ થશે.

# પ્રવૃત્તિ ૧૧ ઝાડ સાથે વાતો કરીએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આજે તો આપણે ઝાડ સાથે વાતો કરવાની છે.

મજા આવશે ને?

તમને થશે કે, પણ ઝાડ સાથે શું વાત કરવી?

જુઓ, ઝાડ આપણને કેટલી બધી મદદ કરે છે! ફળ આપે, છાંયો આપે, વરસાદ આપે....... અરે! કેટલું બધું આપે છે!

તો આપણે તો એને આપણું દોસ્ત ગણવું જોઈએ ને!

તો નીચે જગ્યા આપી છે ત્યાં ઝાડ આપણને જે પણ મદદ કરતું હોય તે લખો.

તેનો આભાર માનવાનું ન ભૂલતા હોં!

લખાઈ જાય પછી તે બધું ઝાડ પાસે જઈને વાંચજો.

તમને થશે કે ઝાડ થોડું સાંભળે?

તો હા, ઝાડ સાંભળે. તેને બાળકો ખૂબ ગમે!

તો બેસી જાઓ લખવા.

અને પછી ઝાડને જઈ બધું કહો. બરાબર?



આજ રીતે તમે કૂતરાં સાથે કે ગાય સાથે પણ વાતો કરો.

https://www.youtube.com/watch?v=OvMYcaT5xrw

# પ્રવૃત્તિ ૧૨ વર્ણમાળા

**સામગ્રીઃ મીણિયા રંગ**

દોસ્ત,

આપણે બધા ગુજરાતી ભાષા બોલીએ છીએ.

ગુજરાત બહાર જઈએ તો આપણે હિન્દી ભાષામાં બોલવાનું થાય.

ટી.વી. સિરિયલમાં અને ફિલ્મોમાં આપણે એક બીજી ભાષા પણ આવે તે છે હિન્દી.

અહીં પ્રવૃત્તિ માટે હિન્દીમાં સૂચના લખી છે. તે વાંચી તે પ્રમાણે પ્રવૃત્તિ કરો.

આજે આપણે એક નવી ભાષા શીખવાના છીએ. જેનું નામ છે હિન્દી. અહીં નીચે વર્ણમાળા આપેલી છે. તમને

क ख ग घ च छ ज

झ ट ठ ड ढ ण त थ

द ध न प फ ब भ म

य र ल व श ष स ह

क्ष त्र ज्ञ

જીન અક્ષરો મેં રંગ નહીં ભરે હૈ વહ નીચે દી ગઈ જગહ મેં લીખીએ.

जिन अक्षरों में रंग नहीं भरें है, उनको नीचे दी गई जगह में लिखिए।

**વાલીઓ માટે - બાળક વિવિધ માધ્યમો દ્વારા અધ્યયન માટે કેટલો સમય પ્રવૃત્ત રહ્યું તે અહીં નોંધો.**

| તારીખ | દુરદર્શન/ બાયસેગ (સમય) | પાઠ્યપુસ્તક (સમય) | "ઘરે શીખીએ"ની પ્રવૃત્તિઓ (સમય) | મોબાઈલ દ્વારા (યુ-ટ્યુબ/ QR કોડ) (સમય) | યોગ, કસરત, રમત-ગમત (સમય) | દિવસ દરમિયાન બાળકે કુલ કેટલો સમય અભ્યાસ કર્યો? | શિક્ષક સાથે ફોન પર વાત થઇ (જે દિવસે વાત થઇ હોય ત્યાં ખરાની નિશાની કરવી) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

unicef

ItoWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I www.itowe.in